# ભૂલાઇ રહેલા શિક્ષણના ચાર આધાર સ્થંભ કયાં?



આજની શિક્ષણ પધ્ધતિમાં ઘણી બધી ત્રુટીઓ જોવા મળી રહી છે. અગાઉના જમાનામાં વર્ગખંડ બધા જ બાળકોને બધું જ આવડતું હતું. જે આજે જોવા મળતું નથી. આજે દરેક વર્ગમાં આઠ-દશ બાળકો નબળા જોવા મળે છે, તેની પાછળના કારણોમાં જીવન કૌશલ્યનો અભાવ જોવા મળે છે. લાઇફ સ્કીલ એજયુકેશન અનુભવલક્ષી હોવું જોઇએ કારણ કે વાંચેલા, સાંભળેલા કે જોઇને સમજેલા જ્ઞાન કરતાં જાતે અનુભવેલા શિક્ષણની અસર વધુ પડે છે. આજનો વિદ્યાર્થી જીવન કૌશલ્ય હસ્તગત કરશે તો જ તેનો સર્વાંગી વિકાસ ઝડપથી થઇ શકશે. કારણકે વિદ્યાર્થી અવસ્થામાં ઘણી બધી મુશ્કેલીઓમાં તેને માર્ગ શોધવામાં, સમજવામાં કે વિચારવામાં તેને આજ કૌશલ્યો મદદરૂપ થતા હોય છે.

આ આદર્શોને સ્વકારવા જીવન કૌશલ્ય અગત્યની ભૂમિકા ભજવે છે. શાળાઓએ આ જવાબદારી નિભાવવાની છે, કે જેથી વિદ્યાર્થીઓ જવબાદાર, રક્ષક, કાર્યદક્ષ અને સમાજના વિકાસમાં ફાળો આપતાં નાગરીક તરીકે વિકસાવી શકાય, જીવનમાં આગળ વધવા જીવન કૌશલ્ય શિક્ષણ અતિ મહત્વનું છે. જીવન કૌશલ્ય શિક્ષણ અનુભવલક્ષી હોવું જરૂરી છે, કારણકે વાંચેલા, સાંભળેલા અથવા જોઇને સમજેલા શિક્ષણ કરતાં જાતે અનુભવેલા શિક્ષણની અસર માનવીના ઉપર સૌથી વધારે રહે છે.

જીવન કૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવા માટે, સફળ, સુન્મય શાંતિમય અને સ્વસ્થ જીવન ઘડતર માટે અને સતત વિકાસશીલ રહેવા માટે જરૂરી એવા કૌશલ્યો જીવનશૈલીમાં ઊતારતું શિક્ષણ, આ એક એવો પ્રયાસ છે. જેના દ્વારા એક એવી વ્યવસ્થા પ્રસ્થાપિત થાય કે જીવન કૌશલ્યોનું માર્ગદર્શન અને કેળવણીના પૂરતા સ્ત્રોત પૂરા પાડી શકાય, આ શિક્ષણનો હેતૂ એ છે, કે વિદ્યાર્થીઓ બાળપણથી જ જીવનકૌશલ્યોને તેમની સમજણ શકિતમાં ઉતારીને વર્તનમાં મૂકતાં શીખે અને પોતાની અંગત, સામાજીક અને દુન્યવી રીતે કાળજીપૂર્વકના આયોજન દ્વારા સતત વિકાસ પામતા રહે વળી, તેઓ તેમની શારીરિક અને માનસિક ક્ષમતાઓનો વધુમાં વધુ ઉપયોગ કરીને વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ સાધે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ૧૯૯૭માં દસ મૂળભૂત જીવનકૌશલ્યોની વ્યાખ્યા અને સંદર્ભ આપવામાં આવ્યા હતા. જીવનકૌશલ્યો એટલે એવા કૌશલ્યો, શકિતઓ, આવડતો કે જે વ્યકિતને રોજીંદા જીવનના પડકારોને હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે. તારવેલા મહત્વપૂર્ણ કૌશલ્યો આ મુજબ છે.

સ્વજાગૃતિ, સમાનુભૂતિ/ પરાનુભૂતિ, સમસ્યા ઉકેલ, નિર્ણયશકિત, અસરકારક પ્રત્યાયન, આંતરમાનવીય વ્યવહાર, સર્જનાત્મક ચિંતન, વિવેચનાત્મક ચિંતન, સંવેગાનુકૂલન, તણાવ અનુકૂલન હવે આપણે આ જીવન કૌશલ્યો વિશે ટૂંકમાં સમજ કેળવીએ.

(૧) **સ્વજાગૃતિ :-** જેમાં આપણી જાત, ચારિત્ય, શકિતઓ અને મર્યાદાઓ (નબળાઇઓ), ઇચ્છાઓ(અભિલાષાઓ) અને અણગમતી બાબતો વિશેની સ્પષ્ટ જાણકારી હોવી જેવી બાબતોનો સમાવેશ થાય છે. ટૂંકમાં સ્વની સાચી ઓળખ એટલે સ્વજાગૃતિ

(૨) **સમાનુભૂતિ/ પરાનુભૂતિઃ-** આ એક એવું કૌશલ્ય છે કે જેના થકી આપણે અન્યની પરિસ્થિતિથી વાકેફ ન હોવા છતાં પણ તેના જીવનની પરિસ્થિટિ વિશેની અનુભૂતિ કરી શકીએ છીશે, જે આપણી જાત કરતાં તદ્દન ભિન્ન હોવા છતાં પણ અન્યની વર્તણૂંકને સમજવા અને સ્વીકારવા માટે આપણને મદદરૂપ થાય છે.

(3) **સમસ્યા ઉકેલઃ-** જેમાં વ્યકિત કોઇ એક ચોકકસ સમસ્યાના સંદર્ભમાં તેના શકય વિકલ્પોમાંથી સર્વશ્રેષ્ઠ વિકલ્પની પસંદગી કરે છે. અને ગમે તેટલા અવરોધો છતાં યોગ્ય હકારાત્મક ઉકેલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચોકકસ કાર્યપધ્ધતિને અનુસરે છે.

(૪) **નિર્ણયશકિતઃ-** આ મૂલવણીની એક એવી પ્રક્રિયા છે કે જેમાં વ્યકિત કોઇ ઘટના બાબત માટેના શકય/ પ્રાપ્ત વિકલ્પો અને તે માટે લેવાનાર જુદા જુદા નિર્ણયોની તે બાબત પર પડનારી શકય અસરો વિશે વિચારે છે.

(૫) **અસરકારક પ્રત્યાયનઃ-** આ કૌશલ્ય દ્વારા વ્યકિત અસરકારક રીતે પોતાના વિચારોને શાબ્દિક કે અશાબ્દિક રીતે અભિવ્યકત કરે છે.

(૬) **આંતરમાનવીય વ્યવહારઃ-** આ એક એવું કૌશલ્ય છે, કે આપણને આપણા અન્ય સાથેનો સંબંધોને સારી રીતે સમજવામાં અને તેને હકારાત્મક રીતે વિકસાવવામાં મદદરૂપ થાય છે.

(૭) **સર્જનાત્મક ચિંતન :-** આ કૌશલ્ય આપણને આપણા પ્રત્યક્ષ અનુભવો અને અન્ય બાબતો અંગે સર્વ સામાન્ય કે ચીલાચાલુ કરતાં કંઇક નવાં જ દ્રષ્ટિકોણથી વિચારવાનું સામથ્ય પૂરું પાડે છે.

(૮) **વિવેચનાત્મક ચિંતનઃ-** આ કૌશલ્ય દ્વારા વ્યકિત હેતુઓને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ માહિતી અને અનુભવોનું વિશ્લેષણ કરી શકે છે કે ઝીણવટપૂર્વક તપાસી શકે છે.

(૯) **સંવેગાનુકૂલનઃ-** જેમાં પોતાની અને અન્યની લાગણીઓને ઓળખવી, સમજવી, તેની વર્તણૂક પર થતી કે થનાર અસરો વિશે જાણવૂં અને લાગણીઓને ઓળખવી, સમજવી, તેની વર્તણૂક પર થતી કે થનાર અસરો વિશે જાણવું અને લાગણીઓના આવેગ સામે યોગ્ય પ્રતિભાવ આપવા સક્ષમ બનવું, વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

(૧૦) **તણાવ અનુકૂલન :-** જેમાં આપણા જીવનમાં તનાવ ઉત્પન્ન થવાના કારણો વિશે જાણવું, તેની આપણા પર થતી અસરો વિશે સમજવું, અને તનાવ પર નિયંત્રણ મેળવી શકાય તેવી વિવિધ રીતે વર્તવું- જેવી બાબતોનો સમાવેશ થાય છે. ઉપરોકત કૌશલ્યો વ્યકિતના વિચારો,લાગણીઓ અને વર્તનના સંદર્ભમાં એકબીજા સાથે સંકળાયેલા છે. આ કૌશલ્યો એક યા બીજી રીટે હસ્તગત થતાંજ વ્યકિતત્વ અને સામાથ્યંનો વિકાસ થાય છે. પરિણામે માનવજીવન ઉન્નત બને છે. જીવન કૌશલ્ય શિક્ષણ અનુભવલક્ષી હોવું જરૂરી છે. કારણકે વાંચેલા, સાંભળેલા અથવા જોઇને સમજેલા સિક્ષણ કરતાં જાતે અનુભવેલા શિક્ષણની અસર માનવીના મગજ ઉપર સૌથત્ર વધારે રહે શ્ચે તે માટે જીવન કૌશલ્ય શિક્ષણ પ્રાયોગિક શિક્ષણ વ્યવસ્થા દ્વારા આપવું જરૂરી બને છે. જેમાં ચર્ચા વિચારણા, અનુભવની સ્વતંત્રતા, અનુભવોના પરિણામોના પ્રત્યાઘાતો અને તેનું વિશ્લેષણ તથા વાસ્તવિક જીવન સાથે જીવન કૌશલ્યોનો સીધો સંબંધ વિદ્યાર્થીઓને સમજાવવો જરૂરી છે. જીવન કૌશલ્ય શિક્ષણ એ માત્ર મૂલ્યો અથવા સુવિચારોને ઠોકી બેસાડતું શિક્ષણ નથી પ ણ એ એક એવી વ્યવસ્થા છે કે, જે જરૂરી કૌશલ્યોર્નુ વિદ્યાર્થીઓના જીવનમાં વાસ્તવિક રીતે સિંચન કરીને તેમની શકિતઓ જાગૃત કરે છે. યુનેસ્કોના ૧૯૯૬ના અહેવાલ મુજબ શિક્ષણના ચાર આધારસ્તંભ છે. ભણતર, જ્ઞાન, પ્રવૃત્તિ, સહઅસ્તિત્વ અને માનવીપણું આ આદર્શને સ્વીકારવામાં જીવન કૌશપય અગત્યની ભૂમિકા ભજવે છે. શાળાઓમાં આપણે આ જવાબદરી નિભાવવાની છે કે જેથી વિદ્યાર્થીઓને જવાબદાર, રક્ષક, કાર્યદક્ષ અને સમાજના વિકાસમાં ફાળો આપતાં નાગરીક તરીકે વિકસાવી શકાય.

**Dr. Bhagubhai I. Prajapti**
Director

## લીડર સ્વપ્નદર્શી હોવો જોઇએ

**આજના ખૂબ જ ગતિશીલ અને વિકાસશીલ સંસારમાં વીતેલા દિવસોની નેતૃત્વની જૂની તરાહ અને યોગ્યતા કામ નહી આવે. આજે તો માત્ર તે રચનાત્મક લીડર જ સફળ રહેશે કે જે સ્વપ્નદર્શી હોય અને પોતાના કર્મચારીઓ પ્રતિ અનુભૂતિ પણ ધરાવતા હોય. અહી એવી પાંચ બાબતો બતાવવામાં આવી છે કે જેનો તમે રચનાત્મક લીડરના રૂપમાં સફળ થવા ઉપયોગ કરી શકો છોઃ**

- **પોતાની ટીમ અને સંગઠનને આદેશો આપવાને બદલે સફળતાની દિશામાં તેમનું માર્ગદર્શન કરો.**
- **લોકોનું પ્રબંધન ના કરો, તેમના માટે કામ સરળ કરો. જ્ઞાન, અનુભવ અને સમાધાન હાજર હોય છે તેને શોધવામાં લોકોની મદદ કરો.**
- **સન્માન માંગવાને બદલે સન્માન આપીને સામાવાળાને હાંસલ કરો.**
- **માત્ર સફળતાનું પ્રબંધન જ ના કરો, પરંતુ તે જાણો કે સફળતા અને નિષ્ફળતા એમ બન્નેનું પ્રબંધન કઇ રીતે કરી શકાય છે.**
- **શાલીન રહો. પોતાની સફળતા વિશે વિન્રમ રહો અને યથાસંભવ બીજાને ચમકવા માટેની તક પૂરી પાડો.**

# National and International Level Awards



**Leadership Excellence Award 2024 we feel immense pleasure and gratitude to share that Dr.BhaguBhai I Prajapati (Director Narayan Vidyalaya) awarded by Leadership Excellence Award 2024 for His extraordinary Leadership for his devotion and dedication in field of education and Holistic development of childrens .** He is very innovative thinker, Devoted in education along with this He publish lot of magazines and books. He contributed as a education expert in State education Board. He is a Research Expert and published 40 Plus Research Papers. He is a Visionary and Good Leader with Outstanding Leading Capabilities. He always Carry people with his self. Never Want to be Honoured but always Give Honour to other's. On the place of giving order to his team and Sangthan He always Guide and inspire them towards Success. He makes Complicated things Simple and Makes Difficult things easy for everyone. Because of such extraordinary Abilities along with His Extraordinary Values and ethics. Dr.BhaguBhai I Prajapati awarded by Leadership Excellence Award 2024 for His extraordinary Leadership on 9 November 2024 by Rifacimento International. Due to Some Time Constrain He is Not able to attend This Honour as person . That's why This award Recieved By Narayana Vidyalaya By Post.



- **In Rangotsav Celebration Competition** : Organized at National level art competition Mumbai-Maharashtra: Total 380 students from Pre-primary to standard $12^{th}$ participated in different drawing competitions such as colouring,Sketching, Cartoon making, collage making and English handwriting. **In which EDUCATIONAL REFORMAR AWARD to Dr. BhagubhaiPrajapati (Director, Narayanj Vidyalay)**
- **Remarkable contribution in Art and Education Award**
- **BEST SCHOOL FOR FUTURISTIC EDUCATION AWARD to Mrs. Vidhya Rana (Principal, Narayan Vidyalay English Medium)**



- **REMARKABLE AWARD to Mrs. Richa Rana (Convener Teacher)** out of which3 students got Trophy,31student got gold medal, 20 Students got silver medal and15students got bronze medal and in which <u>10 students were awarded with surprise gift.</u>



